દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ). પાના નં-૦૨ તા. ૨૦.૦૩.૨૦૨૫

### સચિવાલયના કર્મચારીઓને આગામી ત્રણેક માસ પછી મેટ્રો રેલ સેવાનો લાભ મળશે

# સેક્ટર-1થી નવા સચિવાલય સુધી મેટ્રો રેલનો ટ્રાયલ રન યોજાયો : મેટ્રો શરૂ કરાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

નગરવાસીઓને મેટ્રો રેલ સેવાનો લાભ સેક્ટર-1 સુધી મળી ગયો છે. પરંતું આગામી ત્રણેક માસ પછી મેટ્રો રેલ સેવાનો લાભ સચિવાલયના કર્મચારીઓને મળી રહેશે. કેમ કે મેટ્રો રેલ સેવા દ્વારા સેક્ટર-1 રેલ્વે સ્ટેશનથી સચિવાલય સુધી ટ્રાયલ રન કરવામાં આવ્યું હતું. ટ્રાયલ રન બાદ સેફ્ટીના તમામ પાસાઓની ચકાસણી કરીને મેટ્રો રેલનો રૂટ શરૂ કરાશે.



રાજ્યના પાટનગરમાં ટ્રાન્સપોર્ટેશન સેવાનો વધુ એક લાભ નગરવાસીઓને મેટ્રો રેલ સેવાથી મળ્યો છે. જોકે મેટ્રો રેલ સેવાનો લાભ હજુ મહાત્મા મંદિર સુધી પહોંચતા સમય માંગી લેશે. કેમ કે મેટ્રો રેલ સેવાને મહાત્મા મંદિર સુધી લઇ જવા માટે હાલમાં મેટ્રો રેલના બાકીના રૂટની કામગીરી તડામાર ચાલી રહી છે. તેની વચ્ચે સેક્ટર-1થી સચિવાલય સુધીના રૂટનો ટ્રાયલ રન બુધવારે મેટ્રો રેલ સેવા દ્વારા યોજવામાં આવ્યો હતો. જોકે સેક્ટર-1 અને ગીફ્ટ સીટી સુધી મેટ્રો રેલ સેવા શરૂ કર્યા બાદ સૌ પ્રથમ સચિવાલય સુધીની કામગીરીને અગ્રતાક્રમ આપવામાં આવ્યું હતું. તેના ફલ સ્વરૂપે મેટ્રો રેલ વિભાગ દ્વારા મંગળવારે સેક્ટર-1થી સચિવાલય સુધી મેટ્રો રેલનો ટ્રાયલ રન યોજવામાં આવ્યો હતો. જોકે સેક્ટર-1થી સચિવાલય સુધીના 2.25 કિ.મી.ના અંતર સુધીમાં મેટ્રો રેલના બે સ્ટેશન આવેલા છે. તેમાં સેક્ટર-10-એ અને સચિવાલય એમ .બે સ્ટેશનથી સેક્ટર-10માં આવેલી સરકારી કચેરીઓના કર્મચારીઓને પણ મેટ્રો રેલ સેવાનો લાભ મળી રહેશે.

મેટ્રો રેલ સેવાનો ટ્રાયલ કર્યા બાદ કમિશ્નર ઓફ મેટ્રો રેલ સેફ્ટી આગામી સમયમાં નિરીક્ષણ માટે આવશે. કમિશ્નર ઓફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા તમામ પ્રકારના કમ્પાઇન્સીસની ચકાસણી કર્યા બાદ મેટ્રો રેલની સેફ્ટીના નિયત કરેલા તમામ પાસાઓનો અભ્યાસ કરીને તેનું પ્રેક્ટિકલ ચકાસણી કર્યા બાદ આગામી ત્રણેક માસ પછી એટલે કે મે કે જૂન-2025 માસમાં સેક્ટર-1થી સચિવાલય સુધી મેટ્રો રેલ સેવાનો પ્રારંભ કરવામાં આવે તેવી શક્યતા હોવાનું મેટ્રો રેલના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે.